ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ००૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.- Minuets (15) 4 th June'12 / ૨૦૧૧ -૧૨/ 79 to 91 તા. ૨૨ /૦૬/'૧૨

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૪થી જુન '૨૦૧૨નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૪થી જુન '૨૦૧૨**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પંદરમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B.S. Patel

I/C **કુલસચિવ**
I/C Registrar
K.S.K.V. Kachchh University,
Bhuj-Kachchh.

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

# તારીખ ૪થી જુન ૨૦૧૨નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની પંદરમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૪થી જુન ૨૦૧૨ને સોમવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પંદરમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. —સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૧૨ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ : ગત તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૧૨ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

પાના નંબર : ૨ : પર ચાલુ..



Shyamji Krishna Verma Kachchh BHUJ-Kachchh 370001

## ૨. સ્વનિર્ભર કોલેજોની ફી નકકી કરવાની અરજીઓ બાબત :

યુનિવર્સિટી સંલગ્ન અને કાયમી સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા LL.B., B.B.A., B.C.A., M.Com., અને M.A. અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ દ્વારા ફીનું પ્રવર્તમાન ધોરણમાં સુધારા કરવા માટે રજૂઆત કરવામા આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

કાયમી સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ.અને બી.સી.એ.ના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ દ્વારા જણાવવામા આવેલ છે કે, વર્ષ ૨૦૦૬થી શરૂ થયેલ સદર અભ્યાસક્રમો માટે જે તે સમયે નિયત થયેલ પ્રવર્તમાન ફીનું માળખુ આજ પણ અમલી કરણમાં છે માટે આજની પરિસ્થિતિએ આ ફીની રકમ માંથી અભ્યાસક્રમ ચલાવવા માટે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા વસુલાતી ફીની રકમ પણ આ યુનિવર્સિટીએ નકકી રકમ કરતા વધુ છે. શૈક્ષણિક સ્ટાફને પાચમા પગાર ધોરણ માંથી છઠ્ઠા પગાર ધોરણ પ્રમાણે પગાર આપવા, ટેકનોલોજી પાછળનો ખર્ચ તથા ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પુરૂ પાડવા માટે જરૂરી સગવડતાઓ ઉભી કરવા માટે વધતા જતા આર્થિક બોજને પહોંચી વળવા પ્રવર્તમાન ફીના ધોરણો સુધારવા વિનંતી કરેલ છે.

કાયમી સ્વનિર્ભરતાના ધોરણે બી.કોમ.ના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ દ્વારા જણાવવામા આવેલ છે કે, કોલેજો શરૂ થઈ ત્યારથી નકકી કરાયેલ ફીનું માળખુ આજ પણ ચાલે છે. શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવા પાછળ વધતા જતા ખર્ચ તથા શૈક્ષણિક સ્ટાફને પાચમા પગાર ધોરણ માંથી છઠ્ઠા પગાર ધોરણ પ્રમાણે પગાર આપતા વધેલ આર્થિક બોજને ધ્યાને લેતા અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરાયેલ ફીની રકમના વધારાને ધ્યાને લઈ પ્રવર્તમાન ફીના ધોરણો સુધારવા વિનંતી કરેલ છે.

કાયમી સ્વનિર્ભરતાના ધોરણે એલ એલ.બી.ના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થા દ્વારા જણાવવામા આવેલ છે કે, પગાર વધારા તથા ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રકચરની સવગડતાઓ ઉભી કરવા માટે પડેલ આર્થિક બોજને ધ્યાને લઈ પ્રવર્તમાન ફીના ધોરણો સુધારવા વિનંતી કરેલ છે.

આ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો પૈકી તોલાણી કોમર્સ કોલેજ,આદિપુર ખાતે ચાલતા અનુસ્નાતક કેન્દ્ર ખાતે ચાલતા એમ. કોમ. અભ્યાસક્રમ અન્વયે મંજૂર થયેલ ૬૦ બેઠકો ઉપરાંત એકેડેમિક કાઉન્સિલની મંજૂરી મળ્યેથી ૧૫ બેઠકો પર સ્વનિર્ભરતાના ધોરણે પ્રવેશ આપવામા આવે છે માટે તે સંદર્ભે ફીની રકમમાં વધારો કરવા માટે રજૂઆત કરાયેલ છે.

ઉકત તમામ બાબતે પ્રવર્તમાન ફીનું ધોરણ સુધારીને ફીની રકમમાં વધારો કરવા માટે ગત તા. ૨૩/૧૧/'૧૧ની એક્ઝિકયૂટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨:થી નિયુકત કરાયેલ ફી વધારા સમિતિ સમક્ષ સદર બાબત મૂકવામા આવેલ હતી, સદર સમિતિના સભ્યશ્રી તરીકે ડૉ.પી.એન.દવે, શ્રી નવલસિંહ જાડેજા,ડૉ.જી.એમ.બુટાણી તથા શ્રી જયંતભાઈ માધાપરિયાએ હાથ ધરેલ કાર્યવાહી અન્વયે તા. ૨/૫/'૧૨ના રોજ મળેલ સભામાં આ બાબતે સઘન ચર્ચા કરીને સર્વાનુમતે ફીની રકમમાં વધારા કરવા માટે રજૂ કરેલ અહેવાલ પર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૩ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૨ :** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, ફી વધારા સમિતિની ભલામણો પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતાં સ્વીકારવી અને નીચેની વિગતે સ્વર્નિભરતાના ધોરણે ચાલતા જુદા જુદા અભ્યાસક્રમો માટે નિયત થયેલ ફીની રકમમાં વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી અમલીકરણમાં મૂકવો.

| અભ્યાસક્રમ | પ્રર્વતમાન ફીનું ધોરણ વર્ષ દીઠ રૂા. | સુધારેલ ફીનું ધોરણ સેમે. / વર્ષ દીઠ | |
|---|---|---|---|
| | | સેમે.દીઠ રૂા. | વર્ષ દીઠ રૂા. |
| બી.બી.એ. | ૧૦,૦૦૦/– | ૬૨૫૦ /– | ૧૨,૫૦૦/– |
| બી.સી.એ. | ૧૫,૦૦૦/– | ૯૦૦૦ /– | ૧૮,૦૦૦/– |
| એલ એલ બી. | ૬,૦૦૦/– | ૫૫૦૦ /– | ૧૧,૦૦૦/– |
| બી.એ. / બી.કોમ. | ૫,૫૦૦/– | ૩૬૫૦ /– | ૭,૫૦૦/– |
| *એમ.એ. / એમ.કોમ.* | — | ૫૫૦૦ /– | ૧૧,૦૦૦/– |

*(અનુસ્નાતક કેન્દ્ર દીઠ ૧૫ જગ્યાઓ સ્વનિર્ભર ધોરણે ભરવા મંજૂર કરેલ છે તે માટે જ)*

– આ ફી વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૧૨થી શરૂ થતાં પ્રથમ અને દ્વિતિય સેમેસ્ટર પુરતો રહેશે અને દ્વિતિય અને તૃતિય વર્ષના સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે જુનુ ફીનુ ધોરણ યથાવત રહેશે.

– શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ – ૧૪થી આ ફી વધારો ત્રીજા અને ચોથા સેમેસ્ટર પુરતો રહેશે અને તૃતિય વર્ષના સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે જુનુ ફીનુ ધોરણ યથાવત રહેશે.

– શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ – ૧૫થી આ ફી વધારો પાચમા અને છઠ્ઠા સેમેસ્ટર માટે અમલી કરણમાં મૂકાશે.

આમ, ઉકત વિગતે નિયત થયેલ ફી વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી ક્રમશઃ અભ્યાસક્રમના વર્ષ મુજબ સેમેસ્ટરો અન્વયે અમલી કરણમાં મૂકવો.

**૩. સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા દ્વારા વિદ્યાથી પ્રવેશ ક્ષમતા વધારવા થયેલ માગણી બાબત :**

સ્વામિનારાયણ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત સ્વામિ ધનશ્યામ જીવનદાસજીશ્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈટી. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, ભુજ–માંડવી હાઈવે,કોડાય પૂલ, માંડવી – કચ્છ ખાતે સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા બી.બી.એ. અભ્યાસક્રમ અન્વયે માંગવામાં આવેલ વર્ગ વધારો મંજૂર કરવા માટે ચર્ચા કરતા નકકી થયું કે, મુંદરા,અબડાસા અને લખપત આ ત્રણ તાલુકાઓ બી.બી.એ.ની એક પણ કોલેજ નથી તેથી તે તાલુકાના વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવામાં સરળતા રહે તે બાબાત ધ્યાને રાખીને તથા આ સંસ્થા ખાતે અગાઉના વર્ષની ૬૦ જગ્યા ભરાઈ ગયેલ છે તે ધ્યાને લેતા નીચે મુજબ ઠરાવવામા આવ્યું.

**ઠરાવ : ૩ :** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે,સ્વામિનારાયણ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત સ્વામિ ધનશ્યામ જીવનદાસજીશ્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈટી. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, ભુજ–માંડવી હાઈવે,કોડાય પૂલ,માંડવી – કચ્છ ખાતે સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા બી.બી.એ. અભ્યાસક્રમ માટે ૬૦ સંખ્યા વાળો વર્ગ આપવો તે માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કરી આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવી.

પાના નંબર : ૪: પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

૪. **ભુજ નગરપાલિકા તરફથી મળેલ પત્રમાં જણાવ્યા મુજબ કચ્છ યુનિવર્સિટીની કમ્પાઉન્ડવોલ માટે હમીસર તળાવની કેનાલ ઉપર નાખેલ નળતર ખસેડવા બાબત :**

મુખ્ય અધિકારીશ્રી, ભુજ નગરપાલિકા મારફતે તા. ૧૬/૪/'૧૨ના પત્ર ક્રમાંક ભુનપા/૧૯૮/૨૦૧૨થી જણાવવામા આવેલ છે કે હમીસર તળાવની મુખ્ય કેનાલ કચ્છ યુનિવર્સિટીના સંકુલ માંથી પસાર થાય છે તેના ઉપર પાઈપ મૂકી કમ્પાઉન્ડવોલ બનાવવામા આવેલ છે જે પાણીને અવરોધે તેમ છે તો તે દુર કરી કેનાલને ખુલ્લી કરવા જણાવેલ છે તે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ :** **ભુજ નગરપાલિકા મારફતે મળેલ તા.૧૬/૪/'૧૨ના પત્રના સંદર્ભમાં ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા માટે શ્રી જયંતભાઈ કે.માધાપરિયા તથા ડૉ.બી.એસ.પટેલની નિમણૂક કરવામા આવે છે.**

૫. **ધ સેન્ટર ફોર એકસેલેન્સ ઈન કેમિકલ ટેકનોલોજી માટે જગ્યા ફાળવવા બાબત :**

ધ સેન્ટર ફોર એકસેલેન્સ ઈન કેમિકલ ટેકનોલોજી માટે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂપિયા ૨.૫૨ કરોડ ફાળવવામા આવેલ છે અને વર્ષ ૨૦૧૨-૧૩ માટે રૂપિયા છ કરોડ ફાળવે છે. તેમાંથી આવનારા આધુનિક ઈન્સ્ટ્રુમેન્ટ રાખવા માટે અને સેન્ટરને વિકસાવવા માટે જરૂરી જગ્યા બ્લોક-બીમાં ફાળવવા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** **ધ સેન્ટર ફોર એકસેલેન્સ ઈન કેમિકલ ટેકનોલોજી માટે બ્લોક -બીમાં જગ્યા ફાળવવી.**

૬. **આર્કિયોલોજી ડિપાર્ટમેન્ટ માટે જગ્યા ફાળવવા બાબત :**

આર્કિયોલોજી માટે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂપિયા એક કરોડ ફાળવવામા આવેલ છે અને વર્ષ ૨૦૧૨-૧૩ માટે રૂપિયા એક કરોડ ફાળવે છે. તેમાંથી આવનારા આધુનિક સાધનો અને ખોદકામ કરી મેળવેલ નમૂનાઓ રાખવા માટે અને સેન્ટરને વિકસાવવા માટે જરૂરી જગ્યા બ્લોક -બીમાં ફાળવવા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬ :** **આર્કિયોલોજી ડિપાર્ટમેન્ટ માટે બ્લોક -બીમાં જગ્યા ફાળવવી.**

પાના નંબર : ૬: પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

૭. **પરીક્ષા નિયામક ડૉ.જી.એમ.બુટાણીની ફરજમુક્તિ બાબત :**

પરીક્ષા નિયામક ડૉ.જી.એમ.બુટાણીની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ની નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ,વલસાડના આચાર્યની જગ્યા પર નિમણુક મળતા તેઓના તા. ૨૩/૫/'૧૨નાં કાર્યાલય સમય પૂર્ણ થયા બાદ ફરજમુકત થવા અરજી આપેલ હતી તેઓને તે અનુસાર ફરજમુકતી અપાયેલ છે જે અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> ડૉ.જી.એમ.બુટાણીએ પરીક્ષા નિયામક તરીકે યુનિવર્સિટીની શરૂઆતના કાર્યકાળમાં સેવાઓની નોંધ લેવામા આવે છે અને તેઓને ભાવિ સફળતા માટે શુભેચ્છા પાઠવવામા આવે છે તથા તેઓની ફરજમૂકિત તા.૨૩/૫/'૧૨થી અંગે લેવાયેલ નિર્ણય સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે.**

૮. **એડવોકેટ ભરતભાઈ ધોળકિયાની લેવામા આવતી કાનૂની સલાહ માટે ફી બાબત :**

યુનિવર્સિટીના કાર્યમા અવારનવાર કાનૂની સલાહ લેવી જરૂરી બને છે તે માટે ભુજના સિનિયર એડવોકેટ ભરતભાઈ ધોળકિયાની સેવા લેવામા આવે છે તેઓને આપવાનુ થતુ પારિશ્રમીક નકકી કરવા અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> યુનિવર્સિટીના કાર્યમા કાનૂની સલાહ આપવા બદલ ભુજના સિનિયર એડવોકેટ ભરતભાઈ ધોળકિયાની સેવા લેવામા આવે છે તે સંદર્ભે તેઓને તેમની સેવા લેવાનુ નકકી કર્યુ ત્યારથી વાર્ષિક રૂ. ૧૫૦૦૦ માનદ પારીશ્રમીક આપવાનું ઠરાવવામા આવે છે.**

૮. **અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

(૧) તા. ૧૮/૨/'૧૨ના પત્રથી ડૉ. ટી.આર.હાથીએ એક વર્ષ માટે સબેટીકલ લીવની માંગણી કરી હતી. યુ.જી.સી. દ્વારા આપેલ માર્ગદર્શિકા અનુસાર કાયમી શિક્ષકને સંસોધન અને વિકાસ માટે સબેટીકલ લીવ મંજૂર કરી શકાય તેમ છે. તે સંદર્ભે તા. ૨૬/૩/'૧૨ની એકિઝકયૂટીવ કાઉન્સિલની સભાના ઠરાવ : ૧ : મા જણાવ્યા મુજબ એડવોકેટ ભરતભાઈ ધોળકિયાનો લીગલ ઓપિનીયન મેળવવામા આવેલ હતો તે સંદર્ભે ભરતભાઈ ધોળકિયાના તા. ૪/૬/'૧૨ના પત્રથી લીગીલ ઓપિનીયન આપેલ છે જે સભા સમક્ષ મૂકવામા આવેલ તે ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u> સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે ડૉ.ટી.આર.હાથીને એક વર્ષ માટેની સબેટીકલ લીવ મંજૂર કરવી.**

પાના નંબર : ૬ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

(૨) તા. ૧/૬/'૧૨ના રોજ મળેલ બિલ્ડીંગ કમિટિની સભાની નોંધ એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની સભામા મૂક્તા તે ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૦ :** **તા. ૧/૬/'૧૨ના રોજ મળેલ બિલ્ડીંગ કમિટિની સભા નોંધ આથી સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે.**

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે સંલગ્ન અભ્યાસક્રમો ચલાવતી સંસ્થા / કોલેજો દ્વારા ચાલુ, ચાલુ / વધારાનું, કાયમી જોડાણ મેળવવા માટે નિયત નમૂનામા અરજીઓ મળેલ છે જે અનુસંધાને કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૧ :** **આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ચાલતા અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ અન્વયે મેળવવાપાત્ર જોડાણ અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

(૪) અંજાર એજ્યુકેશન સોસાયટી અંજાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩થી પી.જી.ડી.એસ.પી.એમ. અભ્યાસક્રમ સ્વનિર્ભરતાના ધોરણે શરૂ માંગણી કરવામા આવેલ હતી.પી.જી.ડી.એસ.પી. એમ. કોલેજની સંખ્યા નકકી કરી આપવા તથા ફી નકકી કરવા માટેની કરવામા આવી હતી તે સંદર્ભમાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૨ :** **અંજાર એજ્યુકેશન સોસાયટી અંજાર દ્વારા કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ થનાર પી.જી.ડી.એસ.પી.એમ. અભ્યાસક્રમ માટે ૩૦ સંખ્યાનો એક વર્ગ રાખવો અને વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૫૦૦૦ ફી રાખવી તથા સંસ્થાને જાણ કરવી કે આ અભ્યાસક્રમ માટે જરૂરી અધ્યાપકોની નિમણૂક કરીને કે શિક્ષણ આપવા માટે સંમતિ આપેલા અધ્યાપકોનુ સંમતિ પત્ર દિન ૧૫માં યુનિવર્સિટીને પુરુ પાડવુ.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel

I/C.Registrar
K.S.K.V. Kachchh University,
Bhuj-Kachchh.



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001